Total No. of Printed Pages : 4 **Seat No. :**

# 076(G)

**(MARCH, 2022)**

*Time : 3 Hours]* *[Maximum Marks : 100*

**સૂચનાઓ :**

1. **આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 62 પ્રશ્નો છે.**
2. **પ્રશ્નની સામેના અંક ગુણ દર્શાવે છે.**
3. **નવો વિભાગ નવા પેજ પરથી શરૂ કરવો.**
4. **આપેલા પ્રશ્નો સૂચના મુજબ લખવાના રહેશે.**

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 15 બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોનાં ગુણ સમાન છે. દરેક પ્રશ્નનો 1 ગુણ છે :** **[15]**

1. મહાત્મા ગાંધીજી પોતાના પાંચમા પુત્ર તરીકે કોને ઓળખાવતા હતા ?

   (A) હરીદાસ (B) ગોપાલદાસ

   (C) મણીલાલ (D) જમનાલાલ

2. ચીનમાં બારીક પ્રકારના છાપકામ પદ્ધતિનો ઉપયોગ કઈ સાલમાં થયો હોવાનું મનાય છે ?

   (A) ઈ.સ. 700 (B) ઈ.સ. 800

   (C) ઈ.સ. 9000 (D) ઈ.સ. 1000

3. ગાંધીજીએ હિંદ સ્વરાજ પુસ્તક કઈ સાલમાં લખ્યું હતું ?

   (A) 1908 (B) 1910

   (C) 1912 (D) 1915

4. સૌ પ્રથમ રેંટિયો ગંગાબાને ક્યાંથી મળ્યો હતો ?

   (A) ચાણસ્મા (B) સાબરમતી

   (C) વિજાપુર (D) અમદાવાદ

5. ગાંધીજીએ સાધન અને સાધ્યનો સંબંધ કોની સાથે સરખાવ્યો છે ?

   (A) પિતા-પુત્ર (B) માતા-પુત્ર

   (C) વનસ્પતિ-છોડ (D) બી અને ઝાડ

6. ભારતની કેટલા ટકા વસ્તી ગરીબીની રેખા નીચે જીવે છે ?
   (A) 50 (B) 60
   (C) 70 (D) 80

7. રેયોન રેસાની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
   (A) બેવન (B) માર્કર્સ
   (C) હેનરી (D) લિયોટ

8. ફેશન જગતનું કેન્દ્રબિંદુ કયું શહેર ગણાય છે ?
   (A) મુંબઈ (B) પેરિસ
   (C) સિડની (D) કોલકતા

9. 'ખાદી વસ્ત્ર નથી' વિચાર છે – તેવું કોણે કહ્યું હતું ?
   (A) સરદાર (B) નહેરુ
   (C) આંબેડકર (D) ગાંધીજી

10. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી હતી ?
   (A) 1910 (B) 1920
   (C) 1930 (D) 1940

11. યરવડા ચક્રમાં કેટલી માળોનો ઉપયોગ કરવામાં આવે છે ?
   (A) 2 (B) 4
   (C) 6 (D) 8

12. પટોળા કયા શહેરના પ્રખ્યાત છે ?
   (A) વિજાપુર (B) પાટણ
   (C) કલોલ (D) વડોદરા

13. યરવડા ચક્રની ત્રાકની લંબાઈ કેટલા સે.મી.ની હોય છે ?
   (A) 15.5 (B) 16.5
   (C) 17.5 (D) 18.5

14. ભારતમાં સૌથી વધારે કપાસનું ઉત્પાદન કયું રાજ્ય કરે છે ?
   (A) ગુજરાત (B) પંજાબ
   (C) ઉત્તર પ્રદેશ (D) મધ્ય પ્રદેશ

15. પ્રાચીન સમયમાં તકલી દ્વારા કેટલા આંકનું સૂતર કાંતી શકાતું હતું ?
   (A) 100 (B) 200
   (C) 300 (D) 500

## વિભાગ - B

- **નીચે આપેલા 16 થી 30 (15) પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો.**
  **દરેક પ્રશ્નનો 1 ગુણ છે :** **[15]**

16. યુરોપના દેશોમાં પહેલા શાનું કાપડ બનાવવામાં આવતું હતું ?
17. અમેરિકાની કંઈ કંપનીએ નાયલોનના રેસા બનાવવાની શરૂઆત કરી હતી ?
18. રેસાના મુખ્ય બે પ્રકારોનાં નામ જણાવો.
19. સ્વદેશીનો સિદ્ધાંત કોની સાથે સુસંગત છે ?
20. ઢાકાની કઈ કઈ મલમલો પ્રખ્યાત હતી ?
21. ગૂજરાત વિદ્યાપીઠના પ્રાણજીવન વિદ્યાર્થી ભવનનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
22. સોનું અને ચાંદી કયા પ્રકારના રેસા છે ?
23. મસલીન ખાદી માટે કેવું વાતાવરણ અનુકૂળ આવે છે ?
24. કપાસના પાક માટે કેવી જમીન અનુકૂળ આવે છે ?
25. કયા કપાસને દિવાળિયા કપાસ તરીકે ઓળખવામાં આવે છે ?
26. આખા વિશ્વમાં ગાલીચા કયા દેશના પ્રખ્યાત છે ?
27. ગરમ વસ્ત્રો બનાવવા માટે કયા પ્રકારના રેસાનો ઉપયોગ થાય છે ?
28. કયા રેસામાં સંકોચાવવાની ક્ષમતા વધારે જોવા મળે છે ?
29. બે હાથ વડે કાંતી શકાય તેવા રેંટિયાનું નામ જણાવો.
30. ઓટાઈની ક્રિયાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

## વિભાગ - C

- **નીચે આપેલા 31 થી 43 (13) પ્રશ્નોમાંથી કોઈ પણ 10 પ્રશ્નોના ઉત્તર આપો.**
  **દરેક પ્રશ્નના 2 ગુણ છે :** **[20]**

31. ગુજરાતમાં કઈ કઈ જાતના કપાસની ખેતી કરવામાં આવે છે ?
32. ગીતાચક્ર નામ સાથી પડ્યું ?
33. કપાસમાં થતા મુખ્ય રોગો જણાવો.
34. ઊનના રેસાંની આકૃતિ દોરો.
35. યંત્રમાં વપરાતા ઊંજણો જણાવો.
36. સૂતરનો આંક શોધવાનું સૂત્ર જણાવો.
37. જેકાર્ડ યંત્ર રચનાના ભાગો જણાવો.
38. અંબર ચરખો ભારે ફરે છે – કારણ આપો.
39. ઊનના રેસાનો ઉપયોગ ગરમ વસ્ત્રો બનાવવા માટે થાય છે. કારણ આપો.
40. બારડોલી ચક્રના ભાગો જણાવો.

41. ચરવડાચક્રની આકૃતિ દોરો.

42. ત્રાક ધ્રુજે છે – કારણ આપો.

43. રંગીન કાપડ પર કઈ કઈ ફાસ્ટનેસ કસોટીઓ કરવામાં આવે છે ?

## વિભાગ - D

- **નીચે આપેલા 44 થી 56 (13) પ્રશ્નોમાંથી ગમે તે 10 પ્રશ્નોના ઉત્તર માગ્યા પ્રમાણે લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે :** **[30]**

44. રેસાનું વર્ગીકરણ કરો.

45. યંત્રોની મર્યાદા અંગેના ગાંધીજીના વિચારો જણાવો.

46. સ્વદેશીના સિદ્ધાંતના લાભાલાભ જણાવો.

47. વાગડ અને મઠિયો કપાસ તફાવત લખો.

48. રેશમના રેસાની આકૃતિ દોરો.

49. વિકેન્દ્રીકરણ એટલે શું ? સમજાવો.

50. સારી પૂણીના લક્ષણો જણાવો.

51. અંબર ચરખાના ભાગોના નામ લખો.

52. ગુજરાતની નઈ તાલીમ અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ જણાવો.

53. યંત્રગૂંથણનો ટૂંકમાં પરિચય આપો.

54. ગળીનો રંગ તરીકે ઉપયોગ – ટૂંકનોંધ લખો.

55. રંગકામ કરવા માટેના યંત્ર પેડિંગ પેન્ગલની આકૃતિ દોરી સમજાવો.

56. મિલનું કાપડ અને ખાદીનું કાપડ તફાવત લખો.

## વિભાગ - E

- **નીચે આપેલા 57 થી 62 (6) પ્રશ્નોમાંથી ગમે તે ચાર પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે :** **[20]**

57. ભારતનો કાપડ ઉદ્યોગ વિશે વિસ્તારથી સમજાવો.

58. દાખલા ગણો :
    (1) 980 આંટીનું વજન 13 કિલોગ્રામ થતું હોય તો તે સૂતરનો આંક શોધો.
    (2) 81 આંકના સૂતરનો વ્યાસ શોધો.

59. કુદરતી રંગોનો ઈતિહાસ વિશે સવિસ્તારથી લખો.

60. એક્રેબિકના રેસા આકૃતિ સાથે સમજાવો.

61. તુનાઈની ક્રિયા માટે વપરાતા સાધનો અને તેના કાર્યો જણાવો.

62. દાખલા ગણો :
    (1) 40 આંકની અને 50 આંકની થરડાયેલી આંટીનો આંક શોધો.
    (2) 16 આંકના સૂતરનો વ્યાસ શોધો.